ભક્ત કોમને

ખુલ્લો પત્ર.

પંડિત ગોવિન્દરામ.

॥ ૐ ॥

ભક્ત બન્ધુઓ !

હાલ કેટલાએક દિવસથી તમારી કોમમાં અસંતોષ ફેલાવનારી મારા વિષેની વાતો ફેલાવો પામી રહી છે, તે જોઈ તમારી સૌ કોઈની ચિંતા ઓછી કરવા તથા ગેરસમજ દૂર કરવા આ ખુલ્લો પત્ર લખું છુ. આશા છે કે એમાંની બધી બાબતો વાંચનાર પોતે ધ્યાનમાં લેશે. અને જેમને વાંચવામાં પ્રવૃત્તિ નથી એવાઓને વાંચી સંભળાવી ફેલાતી જતી ગેરસમજ દૂર કરવામાં મને મદદગાર નીવડશે.

ભક્ત કોમમાં મારા વિષે એવી વાત ફેલાવો પામી છે કે "કોળી કોમમાં ઉત્પન્ન થયેલી અને ઘણું ભણેલી એવી કોઈ કન્યા સાથે મારૂ લગ્ન થવાનું છે." આ વાત કેવલ ફેલાવો જ પામી હોત તો મારે કશું કહેવાનુ રહેત નહિ પણ એ વાત ફેલાતાં ભક્ત કોમની માનમર્યાદા અને નીતિને બટ્ટો લાગશે એવી ચિંતા ભક્ત કોમના લગભગ દરેક માણસના મનમાં પેદા થવા પામી છે તેથી તેવી ચિંતાને દૂર કરાવવા સારૂ મારે બનતો પ્રયાસ કરવો જોઈએ.

એવુ લગ્ન થવાથી ભક્ત કોમની નીતિને ત્યારે જ બાધ આવી શકે છે કે જ્યારે એ લગ્ન કરનાર ભક્ત કોમમાં જ હે [illegible] ભક્ત કોમમાં દરેક રીતે ભળી ગયે[illegible]હાય, અગર તો પોતે પોતાની ઓળખ [illegible]ભક્ત તરીકેની આપતો હોય, અગર તો લગ્ન કર્યા પછી ભક્ત કોમ સાથે પોતાનો વ્યવહાર ચાલૂ કરવાનો ઈરાદો રાખતો હોય. પણ એ ચારમાંથી મને તો એક પણ કારણ લાગૂ પડતુ નથી તે નીચેની ક્રમવાર આપેલી સમજણથી જાણી શકાશે.

(૧) હું ભક્ત કોમમાં [illegible] આ વાત સૌ કોઈ [illegible] કરવા જેવી છે. બધા જ જાણે છે કે મારી સાત વરસની ઉમરથી ભક્ત કોમ સાથેનો મારો સઘળો સંબંધ મટી ગયેલો છે. મારી સાત

વરસની ઉમેરે મૂને સુરતવાળા મહારાજ ભક્તરામજીની ગાદી પર અર્પણ કરી દેવામાં આવેલો અને હું જાતભાતના સઘળા ભેદોથી ઉપર એવી સાધુઓની મંડળીમાં જ ઉછરી મોટો થયેલો. ત્યારબાદ સૌ કોઇ જાણે છે કે હું બ્રહ્મચર્યની દીક્ષા લઇ કાશી વિદ્યાભ્યાસ કરવા ગયેલો અને ત્યાં લાંબી મુદતના અભ્યાસ દર્મ્યાન હું કોમીભેદ વિનાની બ્રહ્મચર્ય અવસ્થામાં જ હતો. કાશીથી આવ્યા પછી કેટલોક વખત હું સુરતની ગાદી સાથે સંબંધ રાખતા વડોદરાના મંદિરનો વહીવટ કરતો હતો. ત્યાં પણ હું બ્રહ્મચારી હતો અને કોઇપણ ખાસ કોમથી જૂદો જ હતો. ત્યારબાદ સાધુઓના સંપ્રદાયમાં રહેવાથી મારા આન્તર આત્માને ઘણો સંકુચિત થતો જોઇ હું ત્યાંથી દૂર રહેવા લાગ્યો. અને એવી સ્થિતિમાં પણ હું કોઇપણ પ્રકારના કોમી વાડામાં દાખલ થયો નથી. મને એવી ખબર મળી છે કે તમારી કોમનો કોઇપણ માણસ જો લાંબો વખત સુધી પરદેશમાં રહે અને તે ત્યાં વટલાઇ જાય (એટલે બ્રાહ્મણ વગેરેના હાથનું અન્ન ખાય તોપણ !!!) તેને તમારી કોમમાં દાખલ થતાં દેહશુદ્ધિ કરાવવી પડે છે. મેં તેવી દેહશુદ્ધિ કરાવી નથી તેમજ હું કદીપણ ભક્ત જ્ઞાતિના જ્ઞાતિભોજનમાં તમારી સાથે એકઠો જમવા બેઠો નથી. એક બ્રહ્મચારીને છાજે તેવા જ વ્યવહારથી હું તમારી સૌકોઇની પાસે ઓળખાણમાં આવ્યો છું. મારે ચોખ્ખું કહેવું જોઇએ કે હું ફરીથી મારા માતાપિતાના અને ભાઇઓના પરિચયમાં આવ્યો છું અને ઘણીવાર તેમને ત્યાં ગયો પણ છું પણ તેમના કુટુમ્બના જ એક માણસ તરીકે હું તેમનામાં કદી ગણાયો નથી તેમ તેમના ઘણા જ અગત્યના એવા લગ્ન વગેરેના પ્રસંગમાં પણ હું એમની સાથે ભળ્યો નથી. સારાંશમાં એ તો દેખીતું જ છે કે હું મારી સાત વરસની ઉમરથી ભક્ત કોમના વાડામાંથી બહાર નીકળી ગયેલો અને આજે પણ તેવી જ સ્થિતિમાં રહેલો માણસ છું. એટલે હું જો એવું લગ્ન કરૂં તો તેમાં તમારી કોમની મર્યાદા

તૂટતી નથી. તેમજ મારા માતપિતાના અને ભાઇઓના કોમી-ધર્મમાં પણ અડચણ આવતી નથી કેમકે તેમની જોડે તેવા કૌટુમ્બિક સંબંધથી પણ હું કદી જોડાયો નથી. મારા પિતાએ મને જ્યારથી સુરતની ગાદીએ સોંપી દીધો ત્યારથી તેઓ મને પોતાના ઘરથી અને પોતાની કોમથી બહાર મૂકી આવ્યા છે. વસ્તુ-સ્થિતિ આવી હોવાથી તેઓ પોતાની કોમના બંધનથી મને બાંધવાને સમર્થ નથી.

(૨) હું ભક્ત કોમમાં ભળી ગયો હોઉં એવી કદાચ કોઇને ભ્રાન્તિ હશે! મેં નવસારીના આશ્રમમાં રહી લાંબા વખત સુધી તે આશ્રમની દેખરેખ રાખી છે, અને આજે પણ મારાથી બનતું ધ્યાન હું ત્યાં આપું છું. એ આશ્રમ ભક્ત કોમમાંના રા. ભક્તિભાઇ દુર્લભરામે સ્થાપ્યો છે અને ભક્ત કોમના બીજાપણ ઘણા જાણીતા ગૃહસ્થોની તેને મદદ છે. આમ હોવાથી કદાચ કોઇને ભ્રાન્તિ થાય કે હું ભક્ત કોમમાં ભળી જઇને જ એ આશ્રમ સાથે સંબંધ રાખી શક્યો છું. પણ એ આશ્રમની નીતિ વિષે જેણે સાંભળ્યું હશે તેને એ ભ્રાન્તિ થવા પામે નહિ. આશ્રમની નીતિ ભક્ત કોમના કોઇપણ બંધનને ગણકારતી નથી તેમજ કોમી ભેદને ત્યાં બીલકુલ સ્થાન જ નથી એમ કહીએ તો ચાલે. આજે પણ એ આશ્રમમાં લગભગ ૩૦ વિદ્યાર્થીઓ રહે છે અને તેમાં ભક્ત કોમના વિદ્યાર્થીતો ભાગ્યેજ પાંચ કે છ હશે. લગભગ પચ્ચીસ વિદ્યાર્થીઓ બીજી કોમના છે અને વ્યવસ્થાપક પણ ભક્ત કોમનો જ હોવો જોઇએ એવો ત્યાં નિયમ નથી. એક બારોટ કોમનો માણસ પણ એના વ્યવસ્થાપકપદ પર ઘણો વખત સુધી રહી ગયો છે. આથી સૌ કોઇ સમજી શકશે કે નવસારીના આશ્રમ સાથે પણ હું એક સંસ્કૃત જાણનાર પંડિત અથવા તો બ્રહ્મચારી તરીકે જ જોડાયેલો છું અને નહિ કે એક ભક્ત કોમના માણસ તરીકે. હું મારી ભવિષ્યની જીન્દગીમાં જે જાતની દેશસેવા

કરવા ધારૂં છું તેમાં તૈયાર થવા માટે મારે હાલ મારા મિત્રો સાથે રહી ખેતી કરવી પડે છે અને ખેડુત તરીકેનું જ જીવન ગુજારવું પડે છે. મારા એ મિત્રોમાંથી બે ત્રણ માણસ ભક્ત કોમના પણ છે. તેમની સાથે મારો વ્યવહાર મિત્રતાનો છે અને ખેડુત તરીકેનો છે. તેમના સાથે હું ભક્ત કોમના માણસ તરીકે સંબંધમાં નથી આવ્યો. મારા વિષે જે વાત ફેલાવો પામી છે તે ખરી ઠરશે અને હું તેવું લગ્ન કરીશ એટલે મારા આ મિત્રોમાંથી જેમને મારો માર્ગ અયોગ્ય લાગશે તે મને દૂર કરી દેશે અને જેને યોગ્ય લાગશે તે મારા એ કામને વખાણશે. પણ હું તેમની સાથે રહી ખેતી વગેરેનો ઉદ્યોગ કરૂં છું છતાં હું તેમની સાથે ભક્ત કોમના માણસ તરીકે ભળ્યો નથી તેથી પણ સ્પષ્ટ જ છે કે હું એવું લગ્ન કરૂં તેમાં ભક્ત કોમની મર્યાદા તૂટતી નથી.

(૩) મેં પોતાને ભક્ત કોમના માણસ તરીકે કોઇપણ ઠેકાણે ઓળખાવ્યો હોય એવું મને યાદ નથી. એવું પૂછનારા ઘણીવાર મળી આવે છે કે જેઓને ગુણ, કર્મ અને સ્વભાવ પ્રમાણે હું મારો વર્ણ બ્રાહ્મણ તરીકેનો અથવા વૈશ્ય તરીકેનો કહું તો તેટલાથી જ તેમની જિજ્ઞાસા પૂરી થતી નથી અને પૂછે છે કે " એ તો બધું ખરૂં પણ તમારો જન્મ કયી કોમમાં થયો છે ? " આવા પ્રસંગે મારે લાચારીથી " હું ભક્ત કોમમાં જન્મેલો છું " એવું કહેવું પડે છે. સરકારદરબારમાં પણ જ્યારે આવા આગ્રહ સાથે પૂછવામાં આવે છે ત્યારે મારે નાછુટકે એમ જ લખાવવું પડે છે. પણ આટલાથી હું તમારી કોમના જ માણસ તરીકેનો લાભ લેવા ઇચ્છતો હોઉં તેમ નથી માનવાનું. હું તો ખરા અન્તઃકરણથી કહું છુ કે હું ભક્ત કોમનો માણસ હોઉં એવો ખ્યાલ મને સ્વપ્નમાં પણ નથી આવતો

(૪) ભવિષ્યમાં હું ભક્ત કોમ સાથે કોમી સંબંધમાં આવવાનો ઇરાદો બિલકુલ રાખતો નથી મારૂં આજ સુધીનું જીવન પણ એવી જ

સાક્ષી પૂરશે કે હું એવા કોમી વાડામાં કદી પૂરાઇશ નહિ. મારી સાથે મિત્રતાનો સંબંધ રાખનારા કેટલાએક જુવાનીઆઓ ભક્ત કોમના છે. તેઓ મારી સાથે મિત્રતા રાખવાથી જેમ ભક્ત કોમમાંથી બહાર ગણાતા નથી તેમ તેઓ ભક્ત કોમના હોવાથી મારી મિત્રતામાંથી છૂટી જતા નથી. મારી મિત્રતાનો એવો અર્થ નથી કે હું કોળી કોમમાં જન્મ પામેલી કન્યા સાથે લગ્ન કરૂં છતાં તેઓ મારી સાથે ભોજન કરે. ભોજન કરવામાં તેમની ભક્ત કોમ તેમને જેટલી છૂટ આપે તેટલી જ તેઓ લે અને વધારે છૂટ ન લે તો તેમાં મને અપમાન જેવું કશું લાગે નહિ. જગત્‌માં ઘણી જુદી જુદી કોમના માણસો પરસ્પર એક બીજાના હિતસંબંધમાં આવે છે અને પોતાના કોમી નિયમો પણ પાળે છે. છતાં એમ થવાથી કોઇને અપમાન જેવું લાગતું નથી. તેથી મારી સાથે ખેતીના ધંધામાં સહકાર કરીને જોડાયેલા ભક્ત કોમના મારા એક બે મિત્રોએ મારી સાથે તેમનો જે સ્નેહ-સંબંધ છે તે કાયમ રાખ્યા છતાં ખાનપાનમાં અને કેટલાએક જ્ઞાતિ નિયમોમાં પોતે વળગી રહેવાનો પોતાનો ઇરાદો જ્યારે મારી પાસે જાહેર કર્યો ત્યારે મેં તેમને ખુલ્લા દિલથી જણાવી દીધું કે તમે ભક્ત કોમનાં બધાં બંધનો કબુલ રાખશો અને મારી સાથે ખાનપાન વગેરેનો સંબંધ છોડી દેશો તો તેથી કાંઇ આપણી પરસ્પરની મિત્રતા તૂટી જવાની નથી. મારા આ જવાબથી તેઓને સંતોષ થયો અને તેમણે ભક્ત કોમનાં દરેક બંધન કબુલ રાખ્યાં છે છતાં અમે ખેતીના ધંધામાં પરસ્પરના સ્નેહથી સદા જોડાયેલા જ રહીશું. એટલે એ દેખીતું જ છે કે હું તેમની સાથે ભક્ત કોમના માણસ તરીકે જોડાયો નથી.

ઉપર જે ક્રમવાર સમજણ આપવામાં આવી છે, તેનાથી રહેવાસીઓથી સમજાશે કે ભક્ત કોમની મર્યાદા અને નીતિ ગમે તેવી સંકુચિત હશે અને હું તેને ગમે તેટલું ધિક્કારતો હોઇશ તોપણ હું જ્યાં સુધી એ કોમનો ન હોઉં ત્યાં સુધી મારા "સ્વચ્છન્દી" (!)

વર્તન માટે ભક્ત કોમના માણસોએ બીલકુલ ખોટું લગાડવું જોઇએ નહિ. વળી મારા પિતાશ્રી કે જેઓ કોમીભેદોના એક મુખ્ય હિમાયતી છે તેમના મનમાં મારા લગ્ન વિષેની વાત સાંભળતાં જે દુઃખ શરૂ થયું છે તે જોઇ હું પણ દુઃખિત થયો છું. તેમને સમજાવવાને માટે મારી પાસે શબ્દ નથી. મારૂં કર્તવ્ય અને હવે બહુ થોડાંજ વાક્ય લખવાની રજા આપે છે તે લખીને હું મારો આ પત્ર પૂરો કરીશ

"હું એ લગ્ન કરૂં તો તેથી કાંઈ હું ઈશ્વરના દરબારમાં ગુન્હેગાર ઠરતો નથી. ગેરસમજને લીધે કદાચ કોઇ મને ભક્ત કોમનો ગુન્હેગાર ગણી લે, પણ હું જ્યારે ભક્ત કોમનો માણસ નથી ત્યારે હું કોઇપણ રીતે ગુન્હેગાર નથી એ દેખીતુંજ છે. અને મને પૂરેપૂરી ખાત્રી છે કે જ્યારે ઈશ્વરના દરબારમાં મારા આ કેસની તપાસ નીકળશે ત્યારે મનુષ્યના ઉભા કીધેલા ખોટા જ્ઞાતિભેદોને હિમ્મત અને વિનયપૂર્વક ભાંગનારો હું ઠરીશ. અને ઈશ્વરનો જે નિયમ હરકોઈ કોમના હરકોઈ માણસને પોતાનાં શુભ કર્મ અને વિદ્યા વડે પવિત્ર અને મોટા થવાની છૂટ આપે છે તે નિયમને માથે ચઢાવનારો ઠરી નિર્દોષ ગણાઈશ.

મારા પિતા જ્ઞાતિબંધનના સંસ્કારોને લીધે મારા ઉપર ગમે તેટલા નાખુશ હશે તોપણ તે વખતે તેમનો આશીર્વાદ મને મળશેજ. હાલ તો મારો ન્યાય ઈશ્વરના દરબારમાં નથી પણ અન્ધ સંસ્કારવાળા અને દયાને પાત્ર એવા બદ્ધજીવોના ટોળામાં છે. એટલે તેમની દૃષ્ટિએ સાચા લાગતા ઘણા આરોપો તેઓ મારા પર મૂકશે અને મારા પિતા પણ આ આરોપોને સાચા માની મારા પર નાખુશ રહેશે-તેમને દુઃખ પણ થશે. તેમજ તેમને એવા

દુઃખનું કારણ બની હું પણ પાપનો જ ભારો બાંધું છું એ પણ મને ખબર છે. પણ હરકોઈ જ્ઞાતિબંધનથી ઘણે જ ઉંચે જે જગત્‌પિતાનું સિંહાસન છે ત્યાંથી હું નિર્દોષ ઠરીશ અને પિતાને દુઃખિત કરવાથી મારે માથે ચઢેલું સઘળું પાપ ધોવાઈ જશે એવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. તે જ વિશ્વાસ પર આધાર રાખીને હું એ પગલું ભરૂં તેમાં મને જગત્‌ના અપવાદોનો ભય જરા પણ ન નડે એવી ઈશ્વર પાસે મારી પ્રાર્થના છે!”

મુ. ઘાટ
તા. ૧૫-૪-૨૫

લી.
પંડિત ગોવિન્દરામ.

મુદ્રકઃ—
રઘુભાઈ લલ્લુભાઈ દેસાઈ
શ્રી “અનાવિલ” પ્રિ. પ્રેસ, બરાનપુરી ભાગોળ—સુરત.
પ્રકાશક—
પંડિત ગોવિન્દરામ
મુ. ઘાટ તા. બારડા.